ગાંધીનગર સમાચાર

તા. ૧૪-૭-૨૦૧૫, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ સરકાર માટે લિટમસ ટેસ્ટ

આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ પૂર્વે ગુજરાતની ભાજપ સરકારે છેક ૧૯૬૦માં ગુજરાત રાજય અસ્તિત્વમાં આવ્યું ત્યારથી અત્યાર સુધીના સમયગાળામાં ગ્રામ પંચાયતથી લઇ જિલ્લા પંચાયત અને મ્યુનિસિપલ કોર્પોરેશનો સુધીની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં ચૂંટાયેલાં નેતાઓને પક્ષીય ભેદભાવ રાખ્યા વગર સન્માનિત કરવાનો નિર્ણય કર્યો છે તે ઉપરછલ્લી દૃષ્ટિએ પ્રશંસનીય અભિગમ ગણાય પરંતુ એની પાછળ શાસક પક્ષની વ્યૂહાત્મક રાજનીતિ હોવાનો અંદેશો આવશે તો ભાગ્યે જ વિપક્ષો આવા સરકારી સન્માનનો સ્વીકાર કરવા સહમત થશે. નરેન્દ્ર મોદીની ગેરહાજરીમાં ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટી સામે આ પહેલો રાજયવ્યાપી પડકાર આવી રહ્યો છે. આનંદીબેન પટેલના નેતૃત્વ હેઠળ પાર્ટી અને સરકાર બેઉમાં કોઇ ઊડીને આંખે વળગે એવો મતભેદ દૃષ્ટિગોચર થયો નથી. બધું સમું સૂતરું ચાલી રહ્યું છે અને જો લોકવાયકા સાચી હોય તો વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રિમોટ કંટ્રોલ પોતાના હાથમાં રાખેલ હોઇ અહીં કોઇ ચૂં કે ચા કરી શકે એમ નથી. મહત્ત્વાકાંક્ષી નેતાઓ પણ જાણે છે એમનું એકાદ નિવેદન એમના રાજકારણનો મૃત્યુઘંટ પુરવાર થઇ શકે છે. તેથી ઉપર ઉપરથી બધું જ 'ઓલ વેલ' - સબ સલામત લાગે છે, છતાં મુખ્યમંત્રી સહિત તમામ સિનિયર આગેવાનોને ઊંડે ઊંડે કશીક દહેશત જરુર સતાવી રહી હોય એમ લાગે છે. આગામી જિલ્લા પંચાયત તાલુકા પંચાયત તથા મ્યુનિસિપલ કોર્પોરેશનોની ચૂંટણીમાં ભાજપ અગાઉની જેમ કલીન સ્વીપ કરી શકશે કે કેમ, એ મુદ્દે બધા જ ભારે અવઢવ અનુભવી રહ્યા છે. આવા સંજોગોમાં પાર્ટીના ભુલાયેલા - વિસરાયેલા નેતાઓને ફરી સક્રિય કરવા માટે એમને સન્માનવાથી વધુ કારગત કીમિયો કયો હોઇ શકે? આ કીમિયો ફક્ત પાર્ટી સ્તરે અજમાવવા જતાં સરકારી ખર્ચે કાર્યક્રમો આયોજિત કરવાનું શકય ન બની શક્યું હોત. તેથી નીતિન પટેલ જેવા વિચક્ષણ નેતાએ ગુજરાત રાજયની સ્થાપનાથી લઇ અત્યાર સુધી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં વિજય બનેલા તમામ નેતાઓના સન્માનની વાત રમતી મૂકી છે. નીતિન પટેલ સુપેરે સમજે છે કે આવાં સન્માન સ્વીકારવા ભાગ્યે જ કોઇ કોંગ્રેસી અથવા ભાજપ વિરોધી પાર્ટીના આગેવાનો સહમત થશે. એથી આખરે તો જે જલસા થશે તેમાં મહદંશે ભાજપના જ નેતાઓની વ્યાપક પ્રમાણમાં હાજરી રહેવાની છે. સરકારી ખર્ચે પાર્ટીના સંગઠનનું મહત્ત્વપૂર્ણ કાર્ય સંપન્ન થતું હોય તો એથી રુડું બીજું હોઇ પણ શું શકે? કોંગ્રેસના પણ કેટલાક જૂના જોગી હાંસિયે ધકેલાઇ ગયા પછી 'લાઇમ લાઇટ' આવવાની આવી ઊજળી તક ગુમાવવા ભાગ્યે જ તૈયાર થશે. ભાજપ, કોંગ્રેસની પાર્ટી લાઇન ઓળંગીને સરકારી સન્માન સ્વીકાર તૈયાર કોંગ્રેસીઓને પણ એની અગાઉની પ્રથા મુજબ પોતાની પાંખમાં સમાવી લેવાની લોભામણી લાલચો આપી પોતાની સ્થિતિ વધુ મજબૂત કરવા પ્રયત્ન કરશે. કોંગ્રેસે ભરતસિંહ સોલંકીની ગતિશીલ નેતાગીરી હેઠળ વ્યાપક પ્રચાર ઝુંબેશ શરુ કરી દીધી છે. કિન્નાખોરીપૂર્વક પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા સામે સીબીઆઇની રેડ પડાવ્યા પછી ભાજપ સરકાર સામે અમુક વર્ગમાં ભારે ગુસ્સો પ્રવર્તી રહ્યો છે. ફરી એક વાર ગુજરાતનું રાજકારણ 'પટેલ વિ. ક્ષત્રિય' જેવા જ્ઞાતિવાદી સમીકરણ તરફ ધસી રહ્યું હોય એમ નથી લાગતું? ગુજરાતમાં કોંગ્રેસના કરૂણ રકાસનું કારણ ગણાતા મુસ્લિમોના કહેવાતા તુષ્ટિકરણનો આક્ષેપ હળવો કરવા કોંગ્રેસી નેતાઓ એમનો ચૂંટણી પ્રચાર હિંદુ ધાર્મિક કેન્દ્રોથી આરંભી રહ્યા છે. આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણી વિશેષપણે ગુજરાતનાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલ સામેના લોકમત સમાન હશે. જો આ વૈતરણી પાર કરી શકાશે તો આનંદીબેનની ખુરશી ફક્ત ૨૦૧૭ સુધી સલામત રહેશે એટલું જ નહીં, બલકે આગમી વિધાનસભાની ચૂંટણી પણ ભાજપ એમના જ નેતૃત્વ હેઠળ લડશે એ નક્કી!

## બાળકોને યોગ્ય રીતે કેળવી શકીએ તે જ, સાચું ભણતર

**ભણાવવું એટલે શું?**
**ભણાવવું એટલે જ્ઞાન આપવું**
**અને સાથે મરદાનગી આપવી.**
**આજે શિક્ષણનું મુખ્ય કામ**
**અન્યાય સામે લડવાનું શીખવવાનું છે.**
**આપણા શિક્ષણમાંથી, સાહિત્યમાંથી,**
**એવી તાકાત જન્મવી જોઇએ કે જેથી**
**સામાન્ય માણસ ઊઠીને ઊભો થાય અને**
**અન્યાય-નિવારણ સામે લડત આપે.**
**શિક્ષણનું ખરું કામ આ છે :**
**ભણેલો માણસ શૂરવીર હોય**
**શિક્ષણ ખાતર શિક્ષણ નહીં,**
**સાહિત્ય ખાતર સાહિત્ય નહીં,**
**સેવા ખાતર સેવા નહીં**
**આ ત્રણેયમાંથી શક્તિ પ્રગટવી જોઇએ,**
**માણસ બેઠો થવો જોઇએ.**
**આવી તાકાત જો ન નીપજતી હોય,**
**તો શિક્ષણ-સાહિત્ય-સેવા બધું નકામું.**

**- મનુભાઇ પંચોળી**




આજના યુગમાં કેળવણી, શિક્ષણ અને બાળ-ઉછેર આ દરેક બાબતમાં ઘણા ફેરપારો આવ્યા છે. આજની જનરેશન ખૂબ સ્માર્ટ છે. નાનપણથી જ મોબાઈલ, ઈન્ટરનેટ, ટીવી તેમજ લેપટોપ પર ગેમ્સ રમે, વિકિપીડીયા તેમજ ગુગલ પર જે કંઈ જાણવું હોય તે સર્ચ કરીને તેના વિશે વિગતવાર માહિતી મેળવી શકે છે! પણ સતત તમામ બાળકોમાં એક પ્રકારનું 'પરફોર્મન્સ પ્રેશર' જોવા મળે છે! એકાદ માર્ક ઓછો આવે તે તેમને મંજૂર નથી! સફળતા પચાવવી જેમ અગત્યની છે તેમ જ નિષ્ફળતાને જીરવતાં શીખવું પણ એટલું જ મહત્ત્વનું છે! જીવનમાં જે કંઈ પણ બને કે જે પણ પ્રાપ્ત થાય તેનો સ્વીકાર કરતાં શીખવું આજની જનરેશન માટે અત્યંત આવશ્યક છે! ખેલદિલીપૂર્વક અન્યની જીતમાં પણ ખુશ થતાં શીખવું એ પણ શીખવું જરુરી હોય છે! શિક્ષણનો હેતુ છે માણસને બળ આપવું, આત્મનિર્ભર બનાવવો અને આત્મવિશ્વાસુ બનાવવો!

દરેક સમયમાં, ઉંમરમાં આગળ વધેલા અમુક લોકો એવા હોય છે જે હંમેશા ફરિયાદ કરતા હોય છે કે પોતાના સમયમાં હતું તે ભણતર હવે રહ્યું નથી. અમુક અર્થમાં આ વાત સાચી પણ છે : પહેલા નાના-નાના ધોરણમાં પણ અમુક વિષયો ખૂબ જ ચીવટથી અને ચોકસાઈથી ભણાવવામાં આવતા કે જે આજીવન બાળકની એક અલગ પ્રતિભા વિકાસાવવામાં મદદરુપ બનતા. પણ હવે એજ્યુકેશન ગ્લોબલ બન્યું છે, વૈશ્વિક સ્તરે વિકસ્યું છે! એક જ વિષયના પુસ્તક પર આધારિત કેટલીય રેફરન્સ બુક્સ માર્કેટમાં ઉપલબ્ધ બની છે. જેના પરિણામે, પાઠ્યપુસ્તકનો તો જાણે કોઈ રોલ જ ન હોય તેમ વિદ્યાર્થીઓને લાગે છે! ઘણા વિદ્યાર્થીઓ તો આખા વર્ષમાં એકાદ વાર પણ ટેક્સ્ટબુક્સને અડ્યા વિના જ ભણ્યા હોય તેમ બને છે! વિદ્યાર્થી એ પરીક્ષાર્થી બની ગયો છે. ત્રણ કલાકની પરીક્ષા પર આખા જીવનનો આધાર રહેતો હોય છે. બાળકના મનમાં પરીક્ષા અંગેની કેટલીય નકારાત્મક વિકૃતિઓ ઘૂમતી હોય છે. પરીક્ષાનો હાઉ તેના પર એટલો હાવી થઈ જાય કે તે ન કરવાના કાર્યોમાં પોતાનું મન પરોવે અને પરિણામે પોતાનામાં રહેલી શક્તિઓનો દુર્વ્યય અને ખોટા રસ્તે તેનો ઉપયોગ કરતો બની જાય! વિદ્યાર્થીને આપણે ત્યાં ઉપલબ્ધ બનેલી સમૃદ્ધ લાઈબ્રેરીઝનો ઉપયોગ કરતો કરવો તે શિક્ષક તેમજ મા-બાપ બંનેની સહિયારી ફરજ છે. તેના હાથમાં ઈલેકટ્રોનિક ગેઝેટ્સ આપી દેવાથી આપણી ફરજ પૂરી થઈ જાય છે તેમ માનવું ભૂલભરેલું છે. પરસ્પર વિચારોનું આદાનપ્રદાન તેમ જ રસ-રૂચિના વિષયો અંગેની ચર્ચા એ હવે સાવ લુપ્ત બની જતી બાબત જણાય છે! બાળક પોતાની સાથે સગાસંબંધીઓના ઘરે કે બીજે કયાંક આવવાની આનાકાની કરે તેમાં મા-બાપે ખુશ થવાની કે નિરાંત અનુભવવાની ન હોય કારણ આ જ બાબત આગળ જતાં બાળકને એકલવાયો અને અંતર્મુખી બનાવી શકે છે! કાકાસાહેબ કાલેલકર લખે છે કે, ''આજે જે સદ્‌ગુણો સમાજના હાડમાં પચી ગયેલા દેખાય છે, તે એકાદ જમાનાના જબરદસ્ત પ્રચારને લીધે જ લોકસહજ થયેલા છે. માંસાહારનો ત્યાગ, અતિથિ સત્કાર, ભાઈ-બહેનનાં લગ્નનો અભાવ, વહેવારમાં જળવાતું ઘણુંખરું પ્રામાણિકપણું - એ બધા સદ્‌ગુણો સમાજે કેળવણીથી સિદ્ધ કરેલા છે.'' આપણે આપણા બાળકોને આ પ્રકારની કેળવણી આપવાની અનિવાર્ય જરૂરિયાત આજે ઊભી થઈ છે.

માનો કે તમે તમારા બાળક માટે કોઈ એક જ વસ્તુ કરવા ધારો તો શું કરશો? નક્કી કરો કે તેમને મારશો નહીં. બાળક પર હાથ ઉગામવો એ સદંતર તેના આત્મસન્માન પર એક પ્રહાર સમાન છે. તેના માટે કોઈ બે જ વસ્તુ કરવા ઈચ્છો તો શું કરશો? એક તો તેને વઢવું નહીં અને તેનું અપમાન કરવું નહિ. સામાન્ય રીતે આ વાત આપણને અશક્ય લાગે પણ તેને સમજાવવાની કોઈ અન્ય રીત તમે શોધી જ લેશો જયારે આ બંને બાબતો તમારા માટે વર્જ્ય બનશે! હવે કોઈ ત્રણ વાત કરવા ઈચ્છો તો શું કરશો? બાળકને બીવડાવશો નહિ, લાલચ આપીને સમજાવો કે બેટા-બેટા કરીને તેની બધી જિદ માનીને તેને માથે ન ચડાવી મૂકો. સમયના અભાવે અને આર્થિક સદ્ધરતાને કારણે આજકાલ આ બાબત ખૂબ મોટા પાયે વિકસી છે. બાળકની તમામ જરૂરિયાતો સંતોષવા મા-બાપ ગમે તે ભોગે કટિબદ્ધ બને છે. અને પરિણામે, કોઈ વસ્તુ વગર ચલાવી લેતાં તે કયારેય શીખી શકતું જ નથી. આગળ જતાં તેની જરૂરિયાતો વધતી જાય અને સંતુષ્ટ ન થાય ત્યારે તેને ઊંધા રવાડે ચડતા વાર નથી લાગતી. હવે એવી ચાર બાબતો : બાળકોને વારંવાર શિખામણ ન આપવી, વારંવાર પેમ્પર ન કરવું, વારે વારે વાંક ન કાઢવો અને વારંવાર તેના પર રોફ ન જમાવવો. બાળક એ તમારી મિલ્કત નથી પણ એક જીવતું જાગતું સ્તવંત્ર અસ્તિત્વ છે.

તેની પાસે કંઈક કરાવવું હોય તો તેના માટે દાખલારુપ બનીએ તેના પર શિખામણનો વરસાદ ન કરીએ! આજના યુગમાં શિખામણ સાંભળવું કોઈને પણ ગમતું નથી. પહેલાં તો આમાન્યા અને મર્યાદા હેઠળ પણ બાળકો શાંતિપૂર્વક વડીલોને સાંભળી લેતા પણ હવે તો એ સમય પણ કોઈની પાસે છે જ કયાં? બાળક તમને તરત જ મોઢે જ ખરાબ લાગે તે રીતે ના પાડી દેતાં અચકાતું નથી. માટે અમુક બાબતો એને જાતે જ સમજાશે એમ માનીને તેનામાં વિશ્વાસ મૂકવો! હવે એવી પાંચ અંતિમ બાબતો કે જે તમારે તેમના માટે કરવી તે છે : બાળકને તે જે માગે તે લાવી ન દેવું, પણ તેને તે કરતાં શીખવવું, તેને સમજાવવું કે તે જે માગી રહ્યું છે તેને મેળવવાની લાયકાત તેણે કેળવવી પડશે! ત્યારબાદ બાળકને તે જે કરવા ઈચ્છે છે તે કરવા દેવું ભલે તેમ કરતાં તેને બરાબર ન આવડે તો પણ તેનો આત્મવિશ્વાસ તોડી ન પાડવો! બાળકના કામને હલકું કે તુચ્છ ન ગણવું, તે જે કરે તેને પ્રોત્સાહિત કરવું. તેના કામમાં વચ્ચે ન પડવું, તેના કામનું નિરીક્ષણ કરવું પરંતુ તેને જાતે જ પોતાની રીતે કામ કરવાની ટેવ પાડવી. અને અંતિમ બાબત છે તેની પાસેથી કયારેય તેનું કામ છિનવી ન લેવું. તને નહિ ફાવે કે તું નહિ કરી શકે જેવા શબ્દો તેના મન પર ઊંડો ઘાવ કરી જાય છે.

મા-બાપોને અને શિક્ષકોને એ વાતની ખબર હોવી જોઈએ કે બાળકને કેળવણી આપવા માટે પ્રથમ પોતાની જાતને કેળવવી જોઈએ, પોતાના વિષે સભાન બનીને, પોતાના પર પ્રભુત્વ મેળવવું જરુરી છે કે જેથી પોતે બાળક સામે એક ખરાબ દૃષ્ટાંતરુપ ન બની રહે. ખરી કેળવણી - અસરકારક કેળવણી દૃષ્ટાંત મારફતે જ અપાય છે. કદી ભૂલવું નહીં કે બાળકને આ જગતમાં જન્મ આપીને તેના પ્રત્યેની એક ફરજ નોતરી છે. એ ફરજ ઉત્તમ રીતે ઉદા કરવાની એકમાત્ર રીત એ જ છે કે તમે પોતે ઉત્તમ બનો.

## સ્ટેટસનો ડૂચો... પૈસાનો ડૂચો... રીઅલ એસ્ટેટનો ડૂચો

તમને લઇ જવા માટે
રસ્તો તો તૈયાર છે : પણ થાક્યા છો.
અહીં બેસો તો ખરાં !
દોડ દોડ શું કર્યા કરો છો?
આવતીકાલની સલામતી માટે
આટલું બધું શું તરફડ્યા કરો છો?
થોડીકવાર તો આકાશ જુઓ
થોડીકવાર તો જુઓ ધરા
અહીં બેસો જરા
આકાશના કોઇ ટુકડાને
તમારી સાથે જીવવું છે,
રોજ રોજ તમારે જ આંગણે ઊગેલા ફુલને
તમને કૈંક કહેવું છે.
તમે સ્હેજ પણ ઊભા રહેશો
અમસ્તા પણ મૂંગા રહેશો
તો તમારી જ ભીતર
રહેલા પંખીને ટહુકવું છે...
તમે થોડાક તો તમારા પ્રત્યે
ઓછા ક્રૂર થાવ
તમે દુનિયાદારીથી થોડાક તો દૂર થાવ
ખાતરી આપું છું
કે તમને લઇ જવા માટે
રસ્તો તો તૈયાર છે; પણ થાક્યા છો -
તો અહીં બેસો તો જરા.

- સુરેશ દલાલ

વિખ્યાત કવિ ઓડેને આજના યુગને ચિંતાના યુગ (Age of Anxiety) તરીકે ઓળખાવ્યો છે, અને ચિંતાની ગંગોત્રી આપણું મન છે.

રોજબરોજની આપણી દિન-ચર્યા કે પછી દીનચર્યાનું જો આપમે વિશ્લેષણ કરીશું તો સમજાશે કે આપણે ખરેખર થોડુંક મેળવી લેવાની લ્હાયમાં ઘણું ગુમાવતાં જઇએ છીએ... અલબત્ત શું ગમાવી રહ્યા છીએ તેનું બ્રહ્મજ્ઞાન ઘણું મોડું થાય છે.... અથવા તો કદાચ ઘણા વિરલા આ જ્ઞાન સાથે જીવતા હોય છે, પરંતુ તેને પચાવીને જીવવામાં માનતા નથી...

આવતીકાલની સલામતી, ભવિષ્યને સલામત કરવા માટે આપણે આપણી રાજ વેડફતા તો નથી ને! રોજે રોજનું કામ કરીને રોજની કમાણી મેળવીને ખુશ રહેવા દાડીયા કરતા આપણે વધુ ચિંતિત શા માટે રહીએ છીએ?

આજે રવિવારે આ લેખ લખું છું ત્યારે આવું ડહાપણ લાધ્યું તેનું એક કારણ છે... કે રવિવારની સવાર એક સોનેરી પ્રસન્નતા લઇને ચાલી આવે છે. ઓફિસે નથી જવાનું આ હકીકત એ પ્રસન્નતાનાં મૂળમાં હોય છે. પ્રસન્નતાની આવી ક્ષણોમાં હીંચકે બેસીને ઠંડી માણવાની મજા પડે છે. છ-છ દિવસ શરીર અને મનનો કચ્ચરઘાણ વાળ્યા પછી નોકરિયાત માણસને બસ એક મજાની રવિવારની સવાર મહેનતાણામાં મળે છે...

સવારે નિરાંતે ઊઠીને અને સૂર્યોદય જોઇએ, પક્ષીઓની ચહલપહલ ટહુકાઓ સાંભળીને... ધરતીની ઠંડક મહેસૂસ કરીએ, આંગણાના ફુલ-છોડ પર આપણા દરજીડાની રમત માણીએ... ત્યારે વિચાર આવે છે, આ બધુ તો રોજ થતું હશે... આ સુંદરતા રોજ આપણી સમક્ષ વિખરાયેલી પડી હોય છે... પરંતુ દુનિયાદારીની દોડમાં ખોવાયેલા આપણે આ બધા તરફ નજરસુદ્ધાં નથી માંડતા... જાણે રેસકોર્સના ઘોડાની બંને આંખોની આજુબાજુ પટ્ટા બાંધ્યા હોય છે, તેમ, તેને માત્ર ફિનીશીંગ લાઇન જ દેખાય છે, સવારની લગામ ખેંચાય એટલે ભાગવાનું અને આજુબાજુ નજર કર્યા વગર બસ દોડે રાખવાનું...

આપણું પણ કાંઇક આવું જ છે ને! અઢળક કુદરતી સૌંદર્યને તરછોડીને આપણે વ્યવહારું શિષ્ટતા પુરી કરવાના ઓરતા સેવીએ છી... અને કદાચ કોઇ પ્રકૃતિ પ્રેમી બનવાનો ડોળ કરતા હોય તો તેઓ દેખાવ પૂરતા જોગિંગ કરવા નીકળશે. રૂટિન પતાવવાની રીતે માત્ર દેખાવ ખાતર મોર્નિંગ વોક કે ઇવનિંગ વોક કરવા નીકળતા મહાનુભાવોની પણ સમાજમાં ખોટ નથી.

**વિચારયાત્રા**

**- ડો. જય ઓઝા**

અરે! એવા પણ અનુભવો સાંભળ્યા છે કે... આપણા જોગર્સ પાર્કમાં ટહેલવા માટે સવારે કાર લઇને 'પુનિત વન' માં કિલોમીટરો દૂરથી આવવાનું અને પછી શો ખાતર શેખી મારવા માટે ટહેલવાનું...

આ બધામાં પેલા દરજીડાની રમત અથવા તો કાબરની કલકલ કયારેય માણી શકાતી નથી...

મોટેભાગે આપણું આયખું બીજાની માટે અને દેખાવ માટે પુરું કરી નાંખીએ છીએ... આપણું મન ખિસકોલી જેવું ચંચળ છે.

ખિસકોલીને એકાદ રવિવારે ફુરસદમાં નિહાળજો... ખિસકોલીના મનની વાત જાણવી મુશ્કેલ હોય છે... મોઢામાં ચીથરું લઇને ઝાડ ઉપર અને નીચે એ ફર્યા કરે છે... ઝાડ ઉપર ચડ્યા પછી મોઢામાં જે ડૂચો હોય તે નીચે પડી જાય અને તે ફ્રરી પાછી મૂંઝાતી નીચે ઉતરે પાછો ડૂચો લઇને તે ઉપર ચડે છે...

આપણે પણ ખિસકોલીની માફક દોડા-દોડ કરતા રહીએ છીએ... કોઇકને પૈસાનો ડૂચો હોય છે, કોઇકની પાસે સ્ટેટસનો ડૂચો હોય છે... ગોલ્ડનો ડૂચો, રીઅલ એસ્ટેટનો ડૂચો... બસ આ ચીથરાના ડૂચા લઇ લઇને ઉપર નીચે થયે જ રાખીએ છીએ...

જે માણસ પાસે ઘણો સામાન હોય તેનું 'સમાજમાં વજન' પડે છે. જેમ 'વજન વધારે' તેમ માણસનું 'સ્ટેટસ' વધારે. સ્ટેટસ વગરના માણસો પાસે હળવાશ હોય છે. હળવાશ અને સ્ટેટસને બારમો ચંદ્રમાં હોય છે. ડૂચો જેટલો મોટો તેમ માનપાન વધારે...

આપણામાંના દરેકની અંદર સરળ અને શાંતિ ઝંખતું વ્યક્તિત્વ રહેલું છે... ઘડિયાળના કાંટે દોડતા અને દુનિયાદારી નિભાવતા ત્રસ્ત થઇને ઘણીવાર આપણો માહ્યલો બંડ પોકારે છે કે - હે માનવ! તું જરાક તો થોભ... થાક ખા... જરાક નિરાંત જીવે બેસ... ખિસકોલીની માફક દોડાદોડ રહેવા દે.

# કોંગ્રેસના પવારથી ભાજપના જેઠમલાણી લગી

## દાઉદ ઈબ્રાહિમ ગેંગનાં અબુ સાલેમ અને મોનિકા બેદીને ફાંસી કે ૨૫ વર્ષની સજા નહીં કરાય, એવું સોગંદનામું નાયબ વડાપ્રધાન તરીકે આડવાણીએ કર્યું હતું

મુંબઈના ડોંગરીના એક 'ટપોરી' દાઉદ ઈબ્રાહિમ કાસકરથી લઈને અંડરવર્લ્ડ ડૉન અને અમેરિકા પણ જેને 'મોસ્ટ વૉન્ટેડ' ગણાવે એવો માફિયા ડૉન ગણાતો દાઉદ આજે ભારતના બે મુખ્ય રાજકીય પક્ષો કૉંગ્રેસ અને ભારતીય જનતા પક્ષને માટે સન્નિપાત સર્જી રહ્યો છે. ૧૨ માર્ચ ૧૯૯૩ના બહુચર્ચિત મુંબઈના શ્રેણીબદ્ધ ૧૩ બૉમ્બબ્લાસ્ટમાં ૨૫૭નાં મૃત્યુ થયાં અને ૭૦૦ વ્યક્તિ ઈજાગ્રસ્ત થઈ હતી. આજે એ દુર્દૈવી ઘટનાને ૨૨ વર્ષ વીત્યા પછી પણ એની પાછળનો માસ્ટરમાઈન્ડ લેખાતો માફિયા ડૉન દાઉદ ઈબ્રાહિમ ભારતીય પોલીસની પકડમાં આવ્યો નથી. ભારત સરકારમાં ગૃહ રાજ્યમંત્રી હરિભાઈ પરથીભાઈ ચૌધરીએ દાઉદ કયાં વસે છે એની જાણ નહીં હોવાનું જણાવ્યા પછી ગૃહમંત્રી રાજનાથ સિંહે હરિભાઈએ વાટેલા ભાંગરા વિશે સ્પષ્ટતા કરતાં દાઉદ આજેય પાકિસ્તાનના કરાંચીમાં વસતો હોવાનું સંસદમાં જણાવ્યું. જોકે પાકિસ્તાન સત્તાવાર રીતે કાને હાથ દે છે, પરંતુ દાઉદ મુદ્દે ભારતમાં કાયમ ભારે વિવાદ અને ઉત્પાત મચતો રહ્યો છે. બાકી હતું ત્યાં ભાજપના સંસ્થાપકોમાંના એક મહત્વના નેતા તેમ જ અટલ બિહારી વાજપેયીની સરકારમાં કાયદા પ્રધાન રહેલા અને હજુ હમણાં સુધીના ભાજપી રાજ્યસભા સભ્ય ૯૧ વર્ષીય રામ જેઠમલાણીએ ઉંબાડિયું કર્યું છે.

લંડનમાં જેઠમલાણીને દાઉદ મળ્યો અને એણે ભારતમાં પાછો ફરવા ઈચ્છુક હોવાનું જણાવ્યું હતું. જેઠમલાણીએ લેખિતમાં આ વાત મહારાષ્ટ્રના તત્કાલીન કૉંગ્રેસી મુખ્યમંત્રી શરદ પવારને જણાવી હતી, છતાં પવારે એ માટે સંમતિ આપી નહીં. વાત આટલી જ હોય તો ભારત સરકારમાં સંરક્ષણ પ્રધાન અને કૃષિ પ્રધાન રહેલા શરદરાવ વિશે શંકાનાં વમળ ઊઠવાં સ્વાભાવિક છે. જોકે સામાન્ય રીતે ઝાઝું નહીં બોલવા ટેવાયેલા પવારે તાજી આક્ષેપબાજીનો જાહેર ઉત્તર વાળીને ભાજપના સંસ્થાપક સભ્ય અને દાણચોરો તેમ જ અંડરવર્લ્ડના કુશળ બૅરિસ્ટર લેખાતા રામ જેઠમલાણીના ફુગ્ગાને ફોડી નાંખ્યો. નામચીન દાણચોર લેખાતા હાજી મસ્તાન અને સુકર બખિયા જેવાના ધારાશાસ્ત્રી તરીકે જેઠમલાણીની કીર્તિ ખૂબ છે. છેલ્લે છેલ્લે આશારામ બાપુને જેલમુક્ત કરાવવા માટે એમના ધારાશાસ્ત્રી તરીકે પણ એ રાજસ્થાન ગયા હતા, પણ ફેરો ફોગટ ગયો.

ચાર-ચાર વખત મહારાષ્ટ્રના મુખ્યમંત્રી રહેલા શરદ પવાર ચોથી વાર ૬ માર્ચ ૧૯૯૩ના રોજ મુખ્યમંત્રી થયા અને ૧૨ માર્ચ ૧૯૯૩ના રોજ શ્રેણીબદ્ધ બૉમ્બ ધડાકાએ મુંબઈને જ નહીં, સમગ્ર દેશને હચમચાવી દીધો હતો. ક્યારેક દાઉદ કનૅક્શન માટે મુંબઈના નાયબ મહાપાલિકા આયુક્ત ગોવિંદ રાધો ખૈરનારે ટ્રક ભરીને દસ્તાવેજ શિવાજીપાર્ક પર લાવવાની શેખી મારી હતી, એ ખૈરનાર આજે ખોવાઈ ગયા છે; પણ પવાર કૉંગ્રેસ અને રાષ્ટ્રવાદી કૉંગ્રેસના મંચ પરથી શાસન કરતા રહ્યા છે. યુપીએ-રની ડૉ.મનમોહન સિંહ સરકારમાં પવાર કેન્દ્રીય મંત્રી રહ્યા. એમનો ભત્રીજો અજિતદાદા પવાર મહારાષ્ટ્રની કૉંગ્રેસ અને રાષ્ટ્રવાદી કૉંગ્રેસની સરકારમાં નાયબ મુખ્યમંત્રી રહ્યો. દીકરી સુપ્રિયા સુળે સાંસદ છે. આ એ જ પવાર છે જે મહારાષ્ટ્રના સૌથી યુવા મુખ્યમંત્રી તરીકે જનસંઘ(ભાજપનો પૂર્વ અવતાર)અને સમાજવાદીઓ સાથે મળીને પુલોદ સરકારના મુખિયા હતા. એમણે વારંવાર કૉંગ્રેસ સાથે દગાફટકાની રમત રમી છે અને ફરી પાછા કૉંગ્રેસી છાવણી સાથે સત્તાની સોદાબાજી કરતા રહ્યા છે.

**અતીતની આજ**

**- ડો. હરિ દેસાઇ**

જેઠમલાણીની દાઉદની ભારત પાછા ફરવાની દરખાસ્ત કેમ ફગાવી હતી એનો ખુલાસો કરતાં રાષ્ટ્રવાદી કૉંગ્રેસના સુપ્રીમોએ કહ્યું હતું કે ''દાઉદ ભારત આવવા તૈયાર હતો. એની સામે ફોજદારી કાર્યવાહી હાથ ધરાય ત્યારે સ્વાભાવિક રીતે એની ધરપકડ કરવી પડે અને એણે જેલમાં રહેવું પડે. જોકે જેઠમલાણી જે દરખાસ્ત લાવ્યા હતા એ મુજબ દાઉદને જેલમાં નહીં, પણ તેના ઘરમાં જ રહેવાની છૂટ મળે એવી અપેક્ષા હતી. આવા દાઉદ જેવા આંતરરાષ્ટ્રીય ગુનેગારને માટે આવી શરત કઈ રીતે સ્વીકારી શકાય?'' દેશના દુશ્મનને મહેલમાં રહેવાની સાહ્યબી આપવાનું પવારે સ્વીકાર્યું નહોતું. શરદ રાવ મૌન રહ્યા હોત તો તેમને માથે માછલાં ધોવાત. એમણે ચોખવટ કરી એના પછી લલિતકાંડનો નવો અધ્યાય પણ ખુલ્યો. દાઉદનો જમણો હાથ ગણાતો છોટા શકીલ ભારતીય મીડિયાને ખુલ્લેઆમ મુલાકાત આપતાં કહી રહ્યો છે કે ''આઈપીએલના કમિશનર અને ભાજપી નેતાગીરીના લાડકા રહેલા લલિત મોદીની હત્યા કરવા અમે બૅંગકોક ગયા હતા. મોડા પડ્યા અને એ તક ગુમાવી. એણે રૂપિયા ૧૦૦૦ કરોડ અમને આપવાના હતા. એ ચૂકવી દીધા એટલે હવે એને અમારી ડી-કંપની કનેથી કોઈ ભય રહેવો ના જોઈએ. એને મારવાનો હવે પ્રશ્ન ઊભો થતો નથી.'' ડી-ગેંગની લલિત મોદી સાથે મૅચ-ફિક્સિંગ સંબંધી કોઈ લેણદેણ નહીં હોવાનું સ્પષ્ટ કરીને છોટા શકીલે એ ધંધાની લેણ-દેણ હતી એવું ભારતીય મીડિયામાં જણાવ્યું છે. જોકે અગાઉ લલિત મોદીએ પોતાને ભારતમાં ડી-ગેંગ તરફથી મોતનો ડર હોવાથી પોતે લંડન ભાગી ગયાનું જણાવ્યું હતું. આઈપીએલ કમિશનર રહેલા આ મોદીને કારણે વિદેશમંત્રી સુષ્મા સ્વરાજથી લઈને રાજસ્થાનનાં મુખ્યમંત્રી વસુંધરારાજે સિંધિયા સુધીનાં ભાજપી નેતા વિવાદમાં સંડોવાયેલાં છે. ભાજપની નેતાગીરીની મૂંઝવણ વધારનાર લલિત મોદીની મહેમાનગીરી કૉંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના શાહજાદા રાહુલ ગાંધી અને દીકરી-જમાઈએ પણ માણી હોવાના ટ્વિટ કરીને લલિત ભાજપની સાથે જ કૉંગ્રેસને ય ઝપાટામાં લેવાની કોશિશ કરતો રહ્યો છે. ક્રિકેટના ધંધામાં સર્વપક્ષી આગેવાનો સામેલ હોવાથી અને દાઉદ-પવાર જ નહીં; ક્રિકેટ મેચો જોવા - ધંધો કરવા માટે ભાજપ-કૉંગ્રેસના આગેવાનો સક્રિય રહ્યા હોવાનું સર્વવિદિત છે.

થોડા વખત પહેલાં સીબીઆઈના ડીઆઈજી રહેલા અને ૨૦૧૩માં દિલ્હીના પોલીસ કમિશનર તરીકે નિવૃત્ત થયેલા નીરજ કુમારે ધડાકો કર્યો હતો કે ૧૯૯૩ના બૉમ્બવિસ્ફોટ પછી એના મુખ્ય આરોપી દાઉદ ઈબ્રાહિમે જૂન ૧૯૯૪માં ભારત આવવાની તૈયારી દર્શાવી હતી; પરંતુ એના રાજકીય પ્રત્યાઘાતોનો વિચાર કરીને એ માટેની મંજૂરી અપાઈ નહોતી. નીરજ કુમાર મુંબઈના એ બૉમ્બ બ્લાસ્ટની તપાસના વડા રહ્યા છે. તેમણે દાઉદ સાથે વાત પણ કરી હતી. દાઉદને ભારત લઈ આવવાની ડંફાસો મારનારા તમામ રાજકીય પક્ષો એકવાર સત્તામાં આવ્યા પછી ઢીલા કેમ પડી જાય છે એ ખરો યક્ષપ્રશ્ન છે. નીરજ કુમારે દાઉદની સંભવિત શરણાગતિની વાત કરી ત્યારે મોટા ભાગના રાજકીય નેતાઓએ હસી કાઢી હતી. હવે રહસ્યો ખુલીને સમગ્ર દેશને હચમચાવે છે.